# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૮માં યોજાનાર ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૪૫ વર્ષથી યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર ૨૦૧૮માં યોજવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત(ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૨૬/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

સમાચારયાદી નં.૧૩૭, તા.૦૫/૦૬/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

| | | |
|---|---|---|
| **સુરત મહાનગરપાલિકા**<br>" સુરત મહાનગરપાલિકાની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"નું પ્રવેશપત્ર | | ફોટો |

| | | | |
|---|---|---|---|
| ૧. | નાટ્ય સંસ્થાનું નામ | :– | |
| ૨. | નાટ્ય સંસ્થા સ્થાપના તારીખ | :– | |
| ૩. | નાટ્ય સ્પર્ધામાં જે નાટક રજુ કરવા માગતા હોય તેની વિગત અલગ કાગળ પર જણાવો.<br>(અ) નાટકનું નામ :<br>(બ) લેખકનું નામ : (ક) દિગ્દર્શકનું નામ :<br>(ડ) નાટકમાં ભાગ લેનાર કલાકારની પાત્રસુચિ સહિત સંપૂર્ણ નામ, સરનામું :<br>(અલગ સંસ્થાના લેટરપેડ પર લખી સાથે જોડવું) | | |
| ૪. | નાટ્ય સંસ્થાનું સંપૂર્ણ સરનામું<br>(ટે.નં.તથા મોબાઈલ નંબર સહિત) | :– | |
| ૫. | ડીપોઝીટ માટે આપેલ ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર નંબર તથા બેંકનું નામ* | :– | |
| ૬. | ડિપોઝીટની રસીદ કયા નામે બનાવવાની છે તે નામ*<br>(અંગ્રેજીમાં વિગત લખવી)<br>(અ) Bank Account No.<br>(બ) MICR Code<br>(ક) IFSC Code<br>(ડિપોઝીટ રીફંડ ચેક તથા અન્ય ભથ્થાઓ આ જ નામે મળશે.) | :–<br><br>:–<br>:–<br>:– | |
| ૭. | સંસ્થાનાં મુખ્ય સંચાલકનું નામ અને સરનામું ટેલીફોન નંબર,મોબાઈલ નંબર સહિત. | :– | |
| ૮. | પાનકાર્ડ નંબર(પાનકાર્ડની નકલ બીડવી) | :– | |
| ૯. | નાટક મૌલિક / ભાષાંતર કે રૂપાંતર તેની વિગતો આપવી.(રૂપાંતર કે ભાષાંતરની બાબતમાં મૂળ નાટકનું નામ અને તેના લેખકનું નામ સરનામું તેમજ નાટકનો પ્રકાર ઐતિહાસિક કે કોઈ વિશિષ્ટ પ્રકારનું હોય તો તે જણાવવું) | :– | |
| ૧૦. | નાટકના લેખકની ભજવવા અંગેની મંજુરી, અનુમતિની નકલ / લેખકની મંજુરી જોડી હોય તો તેની વિગત જણાવો.<br>(નાટકની સ્ક્રીપ્ટ અરજી સાથે અવશ્ય જોડવાની રહેશે.) | :– | |
| ૧૧. | વિરામ (ઈન્ટરવલ) સહિત નાટક ભજવવાનો કુલ્લે અંદાજીત સમય* | :– | |
| ૧૨. | આ અગાઉ સુરત મહાનગરપાલિકા, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી કે અન્ય કોઈ સંસ્થા દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધેલ છે કે કેમ ?<br>જો 'હા' હોય તો<br>(અ) નાટ્ય સ્પર્ધાનું નામ<br>(બ) નાટ્ય સ્પર્ધાનું વર્ષ<br>(ક) નાટ્ય સ્પર્ધામાં મેળવેલ વિજેતા ક્રમ / વિગત | :–<br><br>:–<br>:–<br>:– | હા / ના |

આથી હું ..........................................................જાહેર કરું છું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવેલી નાટ્ય સ્પર્ધાના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને તથા મારી સંસ્થાને માન્ય છે. નિયમોને આધિન રહીને નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવાની હું તથા મારી સંસ્થા કબુલાત આપીએ છીએ.

........૨

નાટ્ય સ્પર્ધામાં નાટ્યકૃતિ પસંદ કરવા અંગે સુરત મહાનગરપાલિકાના મ્યુનિ.કમિશનરશ્રી તરફથી નિયુકત કરાયેલ પ્રતિનિધિઓ કે સમિતિ અંગે તેમજ નાટ્ય સ્પર્ધાના આયોજન, સંચાલન અને વ્યવસ્થા અંગે કોઈપણ પ્રકારનો વાદવિવાદ યા પત્રવ્યવહાર કે ચર્ચા અમે નહીં કરીએ. સ્પર્ધાના નિયમો અંગે જો કોઈપણ મતભેદ યા અલગ દ્રષ્ટિબિંદુ ધરાવતા હોઈએ, તો પણ તે અંગે કોઈપણ પ્રકારની ચર્ચા કરીશું નહીં. અને ખેલદીલીથી મહોત્સવનાં આત્માને જાળવી કેવળ નાટ્યકલાની ઉન્નતિ માટે જ કાર્યરત રહીશું અને તે ધ્યેયથી આગળ વધીશું. તેમજ સ્પર્ધા અંગે સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રીએ લીધેલા તમામ નિર્ણયો અમોને બંધનકર્તા રહેશે અને તે અંગે અમે કોઈ દરદાવો કે તરતકરાર કરીશું નહીં.

તારીખ : /૦૬/૨૦૧૮

સ્થળ :

.....................................................

સંસ્થાના મુખ્ય સંચાલકનું નામ તથા સહી.

| સંસ્થાનો સિકકો |
| --- |
| |

**<u>નોંધ</u> :–**

(૧) નાટ્ય સ્પર્ધાના પ્રવેશફોર્મની સંપૂર્ણ વિગત સાથેનું જ ફોર્મ સ્વીકારવામાં આવશે. તેમજ છેકછાકવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

(૨) નાટ્ય સ્પર્ધામાં નાટકના ક્રમ નકકી કરવા અંગેની મિટિંગ નાટક અંગેની સંપૂર્ણ વિગત મળ્યેથી રૂમ નં.૮૮, કમિટિ રૂમ, બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે અથવા અન્ય ઉચિત સ્થળે મળશે. જે અંગેની જાણ અત્રેથી કરવામાં આવશે. મિટિંગમાં નાટ્ય સંસ્થાના પ્રતિનિધિશ્રીએ અચૂક ઉપસ્થિત થવાનું રહેશે. હાજર ન રહેનાર સ્પર્ધક સંસ્થાના ડ્રો પણ કરી દેવામાં આવશે. ત્યાર બાદ ક્રમ અંગેનો કોઈ વિવાદ ધ્યાનમાં લેવાશે નહિ.

(૩) નાટકની અરજી સાથે ભરેલ ₹ ૩,૦૦૦/–ના ડિપોઝીટના **<u>રીફંડનો ચેક</u>** જે નામે મેળવવા માંગતા હોવ **<u>તે નામ તથા બેંકની વિગતનો ઉલ્લેખ અરજી ફોર્મની વિગત નં.૬ માં ખાસ કરવો.</u>** **<u>જે નામે રસીદ બનાવવામાં આવી હશે તે જ નામે રીફંડનો ચેક/National Electronic Fund Transfer(NEFT) તથા અન્ય ભથ્થા મળશે. તેમાં પાછળથી ફેરફાર કરી આપવામાં આવશે નહિ.</u>**

(૪) કોરા અરજી ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી મેળવી ભરેલા પ્રવેશપત્રો તમામ વિગતો સહિત **<u>તા.૨૬/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં</u>** પરત કરવાના રહેશે. ત્યારબાદ અરજીફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

# સુરત મહાનગરપાલિકા

## "સુરત મહાનગરપાલિકાની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા" અંગેના વહીવટી નિયમો

સુરત મહાનગરપાલિકા દ્વારા "સુરત મહાનગરપાલિકાની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"નું આયોજન આગામી સપ્ટેમ્બર ઓકટોબર માસમાં કરવામાં આવનાર છે. જે અંગે નીચે મુજબના વહીવટી નિયમો ભાગ લેનાર સંસ્થાને બંધનકર્તા રહેશે.

૧. સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાએ ₹૩,૦૦૦/–નો ડી.ડી. / પે ઓર્ડર ડીપોઝીટ પેટે પ્રવેશપત્ર સાથે આપવાનો રહેશે. સ્પર્ધામાં નાટક રજુ થયા બાદ ડીપોઝીટ પરત કરવામાં આવશે. પરંતુ સ્કુટીનીમાં પસંદગી પામ્યા બાદ તેમજ સ્પર્ધાનો કાર્યક્રમ જાહેર થયા બાદ કોઈપણ કારણોસર સંસ્થા સ્પર્ધામાં ભાગ ન લઈ શકે તો તે સંસ્થાની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. તેમજ તે સંસ્થાને આગામી એક વર્ષ માટે નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.

૨. નાટ્ય સ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી તથા પ્રમાણપત્ર આપવામાં આવશે. ૭ કરતાં વધારે સંસ્થાઓ સ્પર્ધામાં ભાગ લે તો ચોથું ઈનામ આપવામાં આવશે.

૩. આ સ્પર્ધામાં ફકત સુરત શહેરમાં આવેલી નાટ્ય સંસ્થાઓ તેમજ શહેરનાં કલાકારો જ ભાગ લઈ શકશે, તથા દિગ્દર્શન કરી શકશે.

૪. નાટ્ય સંસ્થાએ સ્પર્ધા માટેના નાટકોનો પ્રકાર, પ્રવેશપત્રમાં અવશ્ય જણાવવાનો રહેશે. જેથી નાટક મૌલિક, ભાષાંતર કે રૂપાંતરની બાબતમાં મૂળ લેખકનું નામ તથા કઈ ભાષામાં નાટક લખાયું હતું તે જણાવવું જરૂરી છે.

૫. એક વ્યકિત એક જ નાટક કે સંસ્થા સાથે જોડાયેલો હોવો જોઈએ. એક કલાકાર એક જ નાટકમાં ભાગ લઈ શકશે કે દિગ્દર્શક તરીકે નાટકનું દિગ્દર્શન કરી શકશે. દિગ્દર્શક અન્ય કોઈ નાટકમાં કલાકાર તરીકે ભાગ લઈ શકશે નહીં. કોઈ પણ વ્યકિત અન્ય કોઈ પણ રીતે અન્ય નાટક કે સંસ્થા સાથે સંલગ્ન થઈ શકશે નહિં.

૬. નાટકની સ્ક્રીપ્ટમાં લેખકે નિર્દેશેલા પાત્રો ઉપરાંત વધારાના પાત્રો લેખકની લેખિત સંમતિ વગર ઉમેરી શકાશે નહીં અને વધારાના ઉમેરેલા પાત્રો સહિત લેખકની સંમતિ રજુ કરવાની રહેશે.

૭. પ્રથમ રાઉન્ડમાં પસંદગી પામેલ સંસ્થાઓને સુરત મહાનગરપાલિકાના ઓડિટોરીયમના નિયમ મુજબ આપવામાં આવતી જનરલ લાઈટ, માઈક, રંગમંચ, ૫૦૦ વોલ્ટની ૬ સ્પોટ લાઈટ, તથા ૫૦૦ વોલ્ટના ૫ ફલડ, ૧૦૦૦ વોલ્ટની ૨ સ્પોટ લાઈટ(ફીકસ), ૨૦૦૦ વોલ્ટની ૨ સોલર લાઈટ(ફીકસ), ૬ હેગીંગ માઈક આપવામાં આવશે. ઓડિટોરીયમમાં ઉપલબ્ધ તે સિવાય વધારાની ઈફેકટલાઈટ, સાઉન્ડ, ફર્નીચર વિગેરેની વ્યવસ્થા જે તે ભાગ લેનાર સંસ્થાએ કરવાની રહેશે. સેટીંગ્સ, ફર્નીચર, મેકઅપ તથા પ્રયોગના દિવસે, ચા–નાસ્તા વિગેરેના મળી ખર્ચ પેટે ₹૧૮,૦૦૦/– પ્રત્યેક સંસ્થાઓને નાટક રજુ થયા બાદ આપવાના રહેશે.

૮. નાટ્યકૃતિ ભજવવા માટે નાટકના લેખક તેમજ દિગ્દર્શકની સંમતિ ભાગ લેનાર સંસ્થાએ પોતાના ખર્ચે અને જોખમે લેવાની રહેશે. તથા નાટક રજુ કરનારે ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરનું યોગ્યતા પ્રમાણપત્ર સ્પર્ધાના ૧૦ દિવસ પહેલાં રજુ કરવાનું રહેશે. **જો કોઈ સંસ્થા આવું પ્રમાણપત્ર આપવામાં નિષ્ફળ જશે, તો તે સંસ્થાને ત્યાર પછીની બે નાટ્ય સ્પર્ધાઓમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ. તથા નાટકના ખર્ચ પેટે ચૂકવવામાં આવતી રકમ પણ ચૂકવવામાં આવશે નહિ.**

૯. સુરત મહાનગરપાલિકાની નાટ્ય સ્પર્ધામાં વર્ષ ૨૦૦૯ પછીની નાટ્ય સ્પર્ધામાં કે વર્ષ ૨૦૦૯ પછી સુરત શહેરની હદમાં રજુ થયેલ નાટક નાટકનું નામ કે સ્ક્રીપ્ટ બદલીને ફરી પાછું નાટ્ય સ્પર્ધામાં કોઈ પણ સંજોગોમાં રજુ કરી શકાશે નહીં.

૧૦. પ્રથમ રાઉન્ડ વખતે નિર્ણાયકોના ધ્યાન ઉપર એવું જણાશે કે, રજુ થયેલ નાટક અગાઉ ભજવાયેલ નાટકનું શીર્ષક કે વાર્તામાં ફેરફાર કરીને રજુ કરવામાં આવેલ છે, તો તેવા નાટકને રદ કરવાની સત્તા નિર્ણાયકશ્રીની રહેશે. અને આવા નાટક માટે સંસ્થાએ ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૧. નાટ્ય સંસ્થાએ સ્પર્ધા માટેના નાટકોનો પ્રકાર, પ્રવેશપત્રમાં અવશ્ય જણાવવાનો રહેશે. જેથી નાટક મૌલિક, ભાષાંતર કે રૂપાંતર છે તે સ્પષ્ટ જાણી શકાય. ભાષાંતર કે રૂપાંતરની બાબતમાં મૂળ લેખકનું નામ તથા કઈ ભાષામાં નાટક લખાયું હતું, તે ફોર્મમાં જણાવવું જરૂરી છે.

૧૨. સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાએ મધ્યાંતર સહિત ઓછામાં ઓછી ૧૨૦ મીનીટ અને વધુમાં વધુ ૧૮૦ મીનીટ ચાલે એવો ગુજરાતી અથવા હિન્દી નાટક રજુ કરવાનો રહેશે. સમગ્ર નાટક દરમ્યાન બે થી વધુ વિરામ રાખી શકાશે નહીં. અને એક વિરામનો સમય ૧૦ મીનીટથી વધુ રાખી શકાશે નહીં.

૧૩. જાહેર કરવામાં આવેલ સ્પર્ધાનો શરૂ થવાનો સમય સંસ્થાને પાઠવવામાં આવશે. તેમાં અડધા કલાકથી વિશેષ મોડું કરવામાં આવશે તો નાટક મોડું શરૂ કરવા બદલ જે તે સંસ્થાના માર્કસ્ કાપી લેવામાં આવશે.

૧૪. ફાયનલ સ્પર્ધાના ૧૫ દિવસ અગાઉ નાટકની સ્કૂટિનીની રજુઆત નિયત સ્થળ, તારીખ અને સમયે કરવી ફરજીયાત રહેશે. સ્કૂટિની/પ્રાથમિક રાઉન્ડમાં પસંદગી પામેલા નાટકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્કૂટિનીમાં ભાગ લેનાર દરેક નાટ્ય સંસ્થાને તેઓના ખર્ચ પેટે ₹૨,૩૦૦/– ચુકવવામાં આવશે.

.....૨

૧૫. <u>નાટ્ય સ્પર્ધાના પ્રથમ રાઉન્ડ દરમ્યાન નાટકની ચકાસણી અંગે નિર્ણાયકોનો નિર્ણય અંતિમ ગણાશે. નિર્ણાયકોના નિર્ણય બાબતમાં કોઈ તકરાર કે દાવો ચલાવી લેવામાં આવશે નહીં.</u>

૧૬. સ્પર્ધાના સ્થળે જે સંસ્થાનું નાટક હોય તેના કલાકારો અને સહાયકો તથા સ્ટેજ કલાકારોએ બે કલાક પહેલા પ્રવેશ મેળવી લેવાનો રહેશે. સ્ટેજ પરથી હોલમાં પ્રવેશી શકાશે નહીં. નાટક પુરો થયા પછી અડધા કલાકમાં જ સ્ટેજ ખાલી કરવાનો રહેશે.

૧૭. સ્ક્રુટિનીમાં પસંદગી પામેલ નાટકનો ફાઈનલ રાઉન્ડ પુરો ન થાય ત્યાં સુધી સ્ટેજ શો કરી શકશે નહીં. જો સ્કુટીની બાદ સ્ટેજ શો કરેલ માલૂમ પડશે, તો તે નાટક સ્પર્ધા અને ઈનામને પાત્ર રહેશે નહિં. તથા તેને ભજવણી પેટે કોઈ પણ રકમ ચૂકવવામાં આવશે નહિં.

૧૮. પ્રવેશપત્રોને આધારે નકકી કરેલ પારિતોષિકોની સંખ્યામાં અને રકમમાં વધારો અથવા ઘટાડો કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

૧૯. આ નાટ્ય સ્પર્ધામાં સારાયે સમાજનું હિત ધ્યાનમાં રાખી કોઈ જાતિ, કોમ, ધર્મ કે રાજકીય વિવાદને ઉત્તેજન આપે એવા નાટકો તથા બાળનાટક થીમ ઉપર તેમજ ફકત બાળકો અભિનિત નાટક રજૂ કરી શકાશે નહિ.

૨૦. ફાઈનલ માટે પસંદગી પામેલ નાટ્ય સંસ્થા પૈકી સંજોગોવશાત કોઈ પણ સંસ્થા સ્પર્ધામાંથી ખસી જાય તો ત્યાર પછી બાકી રહેતી નાટ્ય સંસ્થાઓ પૈકીની કોઈ પણ નાટ્ય સંસ્થાને તેની અવેજીમાં નાટક ભજવવા દેવામાં આવશે નહિ.

૨૧. સુરત મહાનગરપાલિકા દ્વારા નક્કી કરેલ સ્થળે નાટક ભજવવાનું ફરજયાત રહેશે. તેમાં ફેરફાર અંગેની કોઈ વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૨૨. નાટ્ય સ્પર્ધામાં સળગી ઉઠે તેવા પદાર્થો, અગ્નિની જવાળાઓ થાય તેવા પ્રયોગો, ધૂમાડો થાય, ધડાકો થાય તેવા પદાર્થો, ફટાકડા, દારૂખાનુ, મશાલ તથા અન્ય જોખમકારક સ્ફોટક પદાર્થો, ધૂપ–દિપનો ઉપયોગ પ્રેક્ષાગારમાં કે સ્ટેજ ઉપર કરવાનો રહેશે નહીં. ભાગ લેનાર સંસ્થાઓએ ઓડિટોરીયમના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેના ભંગ બદલ ઉભી થતી તમામ જવાબદારી પ્રાયોજકની રહેશે. જે અંગે જો કોઈ સંસ્થા કમિશનરશ્રીના કે નિર્ણાયકોના નિર્ણય વિરૂધ્ધ કોઈપણ પ્રકારનું વર્તન કરશે, તો તેવી સંસ્થાને સમગ્ર નાટ્ય સ્પર્ધામાંથી ઓછામાં ઓછા ત્રણ(૩) વર્ષ માટે દુર કરવામાં આવશે.

૨૩. નિર્ણાયકોના નિર્ણય સામે કોઈ પ્રકારની રજુઆત, તકરાર કે દાવો કે અપિલ ચાલી શકશે નહી. અને નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

૨૪. નાટ્ય સ્પર્ધાના સમગ્ર આયોજન અને સંચાલનની સત્તા મ્યુ.કમિશનરશ્રીની રહેશે અને સ્પર્ધા અંગે તેમણે લીધેલા નિર્ણયો આખરી અને બંધનકર્તા રહેશે. જે અંગે કોઈ તકરાર કે દાવો કરી શકશે નહી.

૨૫. પ્રવેશપત્ર સાથે નાટ્ય સ્ક્રીપ્ટની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી આપવાની રહેશે, જે પરત કરાશે નહિ. પ્રવેશપત્ર સ્વીકારવાની અંતિમ તારીખ : ૨૬/૦૬/૨૦૧૮ છે.

૨૬. સ્કુટિનીના ૦૫ દિવસ અગાઉ ફોર્મ પરત ખેંચી શકાશે નહિ.

૨૭. ભાગ લેનાર સંસ્થાઓએ સંપૂર્ણ વિગતો ભરેલ પ્રવેશપત્રો સાથે ₹ ૩,૦૦૦/–નો પે ઓર્ડર / ડી.ડી. કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**<u>નોંધ</u> :–**

(૧) નાટ્ય સ્પર્ધાના પ્રવેશફોર્મની સંપૂર્ણ વિગત સાથેનું જ ફોર્મ સ્વીકારવામાં આવશે. તેમજ છેકછાકવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

(૨) નાટ્ય સ્પર્ધામાં નાટકના ક્રમ નકકી કરવા અંગેની મિટિંગ નાટક અંગેની સંપૂર્ણ વિગત મળ્યેથી રૂમ નં.૮૮, કમિટિ રૂમ, બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે અથવા અન્ય ઉચિત સ્થળે મળશે. જે અંગેની જાણ અત્રેથી કરવામાં આવશે. મિટિંગમાં નાટ્ય સંસ્થાના પ્રતિનિધિશ્રીએ અચૂક ઉપસ્થિત થવાનું રહેશે. હાજર ન રહેનાર સ્પર્ધક સંસ્થાના ડ્રો પણ કરી દેવામાં આવશે. ત્યાર બાદ ક્રમ અંગેનો કોઈ વિવાદ ધ્યાનમાં લેવાશે નહિ.

(૩) નાટકની અરજી સાથે ભરેલ ₹ ૩,૦૦૦/–ના ડિપોઝીટના **<u>રીફંડનો ચેક</u>** જે નામે મેળવવા માંગતા હોવ **<u>તે નામ તથા બેંકની વિગતનો ઉલ્લેખ અરજી ફોર્મની વિગત નં.૬ માં ખાસ કરવો.</u>** **<u>જે નામે રસીદ બનાવવામાં આવી હશે તે જ નામે રીફંડનો ચેક/National Electronic Fund Transfer(NEFT) તથા અન્ય ભથ્થા મળશે. તેમાં પાછળથી ફેરફાર કરી આપવામાં આવશે નહિ.</u>**

(૪) કોરા અરજી ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી મેળવી ભરેલા પ્રવેશપત્રો તમામ વિગતો સહિત **<u>તા.૨૬/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં</u>** પરત કરવાના રહેશે. ત્યારબાદ અરજીફોર્મ સ્વીકારવામાં આવશે નહી.